દાદા ભગવાન પરિવારનું
ઓગસ્ટ ૨૦૧૮
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ








# નમે તે સૌને ગમે

## સંપાદકીય

બાળમિત્રો,

નમે તે સૌને ગમે - એ કહેવત આપણે નાનપણથી શીખતા આવ્યા છે. ઘરે મમ્મીએ તો સ્કૂલમાં ટીચરે અને વળી સ્ટોરી ટાઈમ વખતે દાદા-દાદીએ પણ એની વાત કરી જ છે. ક્યારેક તો એમ થઈ જાય કે બધાનું કામ કરીએ, બધાની વાત માનીએ તો બધાને ગમીએ કે નમ્ર થઈએ તો ગમીએ?

તો આવો, આ અંકમાંથી એ વિગતવાર સમજીએ. અને આપણે પણ એવા બનીએ જેથી આપણે પણ બધાને ગમીએ.

- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ




વર્ષ : ૧૦, અંક : ૧૨
સળંગ અંક : ૧૨૦
ઓગસ્ટ ૨૦૧૮



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.






# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : જ્યાં અક્કડ થવાની સ્થિતિ હોય, ત્યાં નમ્ર થાય એનું નામ ખાનદાની. જેમ નમ્રતા વિશેષ થાય એમ ખાનદાની ઊંચી. આ થોડું સમજાવોને.

પૂજ્યશ્રી : આ ઝાડ હોય એને ફળ આવે તો તે નીચે નમતું જાય કે ટાઈટ થતું જાય ? નીચે નમે. આંબાને કેરી આવવા માંડી એટલે વજનથી ડાળીઓ નીચે નમવા મંડે. એમ જેમ જેમ મોટા બનતા જઈએ એમ એમ નમ્ર ગુણ ઉત્પન્ન થવા લાગે. આ મહાન પુરૂષો, પ્રેસીડન્ટ, પ્રાઈમ મિનિસ્ટરો થાય છે, એ બધા બહુ નમ્ર હોય. બિલકુલ બાળક જેવા જ.

એટલે કુદરતનો નિયમ છે કે જેમ નમ્રતા વધે એમ એને ઊંચી સ્થિતિ પ્રાપ્ત થાય. અકડાઈ વધે એમ એમ હીન પદ આવતું જાય.

આ રેલ્વે સ્ટેશન પર મજૂરો હોય ને, એને જો કહીએ કે ભાઈ, આ સામાન ઉંચકવાના ૨૫ રૂપિયા હોતા હશે, ૨૦ રૂપિયા હોય. તો ધડામ દઈને એ સામાન ફેંકે. પૈસે નહીં દેતા હે પૂરા, કહીને બહુ અકળાય. જેમ ઊંચો માણસ થાયને એમ નમ્રતા વધે, વિનય વધે. એટલે અહંકારનું તોફાન ના હોય. અધીકાર, સત્તા બધું હોય પણ એ જમાવવા ના જાય. એને અંદર એવું રહે કે, આ બધા કરતા હું નાનો છું. ગુણવાન ક્યારે કહેવાય કે એ નમ્રતાથી ભરેલો હોવો જોઈએ.

પ્રશ્નકર્તા : એટલે આ નમ્ર ગુણ આપણે આપણામાં લાવવો હોય તો એના માટે કઈ સમજણ ગોઠવવી ?

પૂજ્યશ્રી : એ તો સહેલો રસ્તો છે. કોઈક આમ આડાઈ કરતું હોય અને આપણા જોવામાં આવે તો એ વખતે આપણે એની ભૂલ નહીં જોવાની કે અકળાવાનું નહીં કે, કઈ જાતનો છે આ માણસ. નાનું કામ કરે છે તો પણ આડાઈ કરે છે. આ માણસ જ યુઝલેસ છે. એવા દોષ નહીં કાઢવાના.

ઉલ્ટું, વિચારવાનું કે, ઓહ એ આવું કરે છે એ આપણને ગમતું નથી. તો આપણે ક્યારેય આવું કરીએ છીએ કંઈ થાય તો ? એ ચેક કરવાનું. આપણે પણ કોક જગ્યાએ તો એવું જ કરતા હોઈએ છીએ. એવું આપણે આપણામાં જોઈએ અને એના પર પસ્તાવો કરીએ તો આપણી ભૂલ જાય.

અને કોઈ સરળ હોય, નમ્ર હોય, લઘુતા દેખાડતો હોય તો આપણને એમ થાય કે કેટલા સારા ગુણો છે. એ સારા ગુણોને એપ્રીશીયેટ કરીએ એટલે આપણામાં એ ગુણો પ્રગટ થાય.

# આ તો નવી જ વાત!



**સો**નાને જેમ વાળો તેમ વળે. અને કાચને વાળતા પહેલાં તો એના ટૂકડા તૂટી જાય. સોનાને ગમે તેટલું ખેંચી ખેંચીને લાંબું કરો તોય તૂટી ના જાય. એમ જેમ નમ્રતા વધે ને એમ તૂટે નહીં. એનું અપમાન કરો, નુક્સાન કરો તો ય એ અકળાઈ ના જાય. છંછેડો તો આમ આડાઈઓ ના નીકળે એની. એને ખાનદાની ક્હેવાય. એટલે સંસ્કારી ક્હેવાય.

**ના**ના બાળકોનું બધા બહુ ધ્યાન રાખે કે મોટાઓનું ? નાનું બાળક ખોવાઈ ગયું હોય તો બધા બિસ્કિટ આપે, દૂધ આપે, પ્રેમથી પંપાળે. અને એની મમ્મી પાસે પહોંચાડી દે એને. એમ જે નાના થઈને રહે એને બધા જ સાચવે.





અકડાઈ તો બહુ મોટો રોગ છે. સાપનેય દરમાં પેસવું હોયને તો સીધા થવું પડે. એમ આપણે મોક્ષે જવું હોય તો સરળ થવું પડે, નમ્ર થવું પડે.

બાળક જેવી અવસ્થા હોય તો નમાય. બહુ મોટાઈ શું કરવાની ? જો નાનો થાય તો તો એ બહુ મોટો, ભગવાન થઈ જાય.





ઊંચું કુળ હોય અને અહંકાર કરે કુળનો, તો નીચા કુળમાં જન્મ થાય, બીજીવાર એને નીચું કુળ હોય અને નમ્રતા કેળવે તો ઊંચામાં આવે.

# ખરી કદર

"મેરે કપડે હો ગયે ક્યા ?" રહીમ ચાચાની દુકાને જઈ, કવને અક્કડ થઈને પૂછ્યું.

માફ કરના, બેટાજી. અભી નહીં હુએ. શામ તક હો જાયેગેં. દર વખતની જેમ રહીમ ચાચાના અવાજમાં નરમાશ અને મીઠાશ હતી.

કવનની કમાન છટકી. પણ, એમાં ક્યાં કોઈ નવાઈ હતી ? એના ધાર્યા પ્રમાણે ના થાય, ત્યારે એનું મગજ ફટકતા વાર જ નહોતી લાગતી. વડીલોની ઉંમરનો આદર રાખી, નમ્રતાપૂર્વક બોલવા મમ્મીએ ઘણીવાર એને ટોક્યો હતો. પણ, એ વાત એના દિલમાં ઉતરી નહોતી. 'નમ્રતા' શબ્દ તો એની ડીક્ષનરીમાં ફીટ જ નહોતો થતો.

"આઈ ડોન્ટ અન્ડરસ્ટેન્ડ કે મમ્મી તમારી પાસે કપડા સિવડાવવાનો આગ્રહ કેમ રાખતી હશે ? યુ હેવ નો ટાઈમ એથીક્સ. પણ તમને મારી વાત ક્યાં સમજાવવાની છે. શામ કો આઉંગા, કપડે તૈયાર રખના." કવને જોરથી કહ્યું. અને મોઢું બગાડીને દુકાન માંથી બહાર નીકળી ગયો.

ઘડિયાળમાં નજર કરી તો દસ વાગી ગયા હતા, "ઓહ નો, આઈ હોપ હું ફિલ્ડ ટ્રીપ માટે લેટ ના થઈ જાઉં." તે દિવસે પલક દીદી, સંસ્કાર સિંચન કેમ્પના બાળકોને સૂરજગઢના મંદિરે ફિલ્ડ ટ્રીપ માટે લઈ જવાના હતા.

આમ તો કવનને, 'સંસ્કાર સિંચન' નામ સાંભળીને જ એલર્જી થઈ હતી. પણ મમ્મી-પપ્પાના આગ્રહના કારણે એ આ કેમ્પમાં જોડાયો હતો. કેમ્પમાં જોડાયા પછી, એને પલક દીદી પાસે અલક-મલકની વાર્તાઓ સાંભળવાની અને નવી નવી ગેમ્સ રમવાની મજા પડી ગઈ હતી. કેમ્પમાં નવા ફ્રેન્ડ્સ પણ બન્યા હતા.


કવન પહોંચ્યો ત્યારે બધા બાળકો બસમાં ગોઠવાઈ ગયા હતા. કવનની જ રાહ જોવાઈ રહી હતી. એક ક્ષણ માટે કવનને લાગ્યું કે પલક દીદી એને મોડું કરવા બદલ ટોકશે. પણ પલક દીદી તો વ્હાલનો દરિયો હતા. પ્રેમથી કવનના ગાલ પર હાથ મૂકી કહ્યું, "આવી ગયો લીટલ ચેમ્પ ! ચાલ, ગોઠવાઈ જા." બસ ઉપડી અને ગેમ્સ શરૂ થઈ. મોજ-મસ્તી કરતા, ક્યારે સૂરજગઢ આવી ગયું એનો કોઈને ખ્યાલ પણ ના રહ્યો.

જમવાનો સમય થઈ ચૂક્યો હતો. મંદિરના જ ભોજનાલયમાં જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભોજનાલયમાં મોટા અક્ષરે બોર્ડ માર્યું હતું, "જમ્યા પછી થાળી જાતે ધોઈને મૂકવી. બગાડ કરવો નહીં."

"આ શું ? આપણે જાતે થાળી ધોવાની ? આવી કેવી જગ્યા ? આના કરતા તો હોટલમાં ખાવું સારું." કવનનું







મગજ બગડ્યું.

જમવાના ટેબલ પર, કવનનું મોઢું જોઈ, પલક દીદીએ કહ્યું, "અરે કવન, નારાજ કેમ થાય છે, માય ફ્રેન્ડ. તું આ સ્થળનું પોઝીટીવ જોઈશ, તો તારી બધી જ નારાજગી નીકળી જશે. જો તો ખરો, બધા કેવું પ્રેમથી પીરસે છે. જમવાની થાળીની કિંમત સાવ નહીં જેવી છે. અહીંયા બધા પોતાનો સમય ખર્ચીને ફક્ત સેવા આપે છે," અને પછી થોડા ગંભીર સ્વરે બોલ્યા, "જે સ્થળ પર હોઈએ, એ સ્થળના કાયદા પાળવા જોઈએ."

બધા બાળકો પોતાની થાળી ધોઈ રહ્યા હતા, ત્યાં મંદિરના પૂજારી પલક દીદીને મળવા આવ્યા. પલક દીદીએ બે હાથ જોડીને પૂજારીજીને નમસ્કાર કર્યા. કવન દૂરથી પલક દીદી અને પૂજારીજીને વાર્તાલાપ કરતા જોઈ રહ્યો હતો. એના મનમાં પ્રશ્ન થયો, "પલક દીદી આટલા નમ્ર કેવી રીતે રહે છે ?"

"પૂજારીજી ખાસ આપણે સંતશ્રીના દર્શન માટે આમંત્રણ આપવા આવ્યા હતા. મંદિરે દર્શન કરી, આપણે સંતશ્રીના દર્શન કરીશું," પલક દીદીએ બધા બાળકોને કહ્યું,, "આ સંતશ્રીની દેખરેખ હેઠળ જ મંદિરનું આખું સંચાલન ચાલે છે."

કવનને આ વાત માફક ના આવી, "પણ, જરૂર શું છે દીદી ? મારો મતલબ એમ છે કે સંતના દર્શન કરવાની જરૂર શું છે ? મને આમ કોઈની પણ સામે જઈને નમવું પસંદ નથી."

"કવન, જ્યારે સામાના પોઝીટીવ જોઈએ, એમના ગુણોને એપ્રીશીયેટ કરીએ, ત્યારે આપણે નમ્રતાનો દેખાવ ના કરવો પડે. આપણું શિશ, આપણો અહંકાર, સહેજે એમની સામે નમી જાય," દીદીએ કવનને સમજાવવાનો પ્રયત્ન કર્યો. અને પછી વાર્તાલાપને હળવું બનાવતા બોલ્યા, "મારી વાતો સાંભળીને કોઈ અહીંયા જ ઝોકા ખાવા લાગે એ પહેલા આપણે મંદિરે જઈને દર્શન કરી આવીએ."

દર્શન બાદ, મંદિરના એક ખૂણે, બાળકો પલક દીદીની આજુબાજુ ગોઠવાઈ ગયા. ત્યાં તો સંતશ્રી મંદિરે પધાર્યા. મંદિરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓ સંતના ચરણ-સ્પર્શ કરવા ઉમટી પડ્યા. સહુને આશીર્વાદ આપી, સંત પલક દીદી પાસે આવ્યા.

સંતશ્રીએ પલક દીદી સામે બે હાથ જોડી નમસ્કાર કર્યા અને શિશ નમાવીને કહ્યું, "અમારા અહોભાગ્ય કે આપ અહીં પધાર્યા. તમારી સંસ્થાની સુગંધ તો ચારેકોર ફેલાયેલી છે. આપ સહુની સેવા અને સાધનાને ધન્ય છે."

પલક દીદી સંત સામે વધુ ઝુકીને બોલ્યા, "આ



ક્ષેત્ર પર આવીને અમે ખૂબ ધન્યતા અનુભવી છે.''

આ દ્રશ્ય જોઈને કવનની આંખો પહોળી થઈ ગઈ. ''જે સંત સામે હજારો લોકો નમે છે, તે કેટલી સરળતાથી પલક દીદીની સામે ઝૂકી ગયા. કેવી ગજબની સ્થિતિ કહેવાય.'' પલક દીદીએ કહેલા શબ્દ કવનની દ્રષ્ટિમાં આવ્યા. કવન દિલથી સંતશ્રી સામે ઝૂકી ગયો અને એમના આર્શીવાદ લીધા.

પાછા ઘરે ફરતા, આખા રસ્તે કવન સંતશ્રીની નિર્મળ આંખો, એમની સરળતા અને એમની મીઠી વાણીની રમણતામાં રહ્યો.

પોતાની જ ધૂનમાં એ ઘર તરફ ચાલી રહ્યો હતો, ત્યાં તો રહીમ ચાચાની બૂમ સંભળાઈ, ''અરે બાબા સાહેબ, કહાં જા રહે હો ? આપ કે કપડે તૈયાર હૈ.''

કવન દુકાન તરફ વળ્યો.

''બૈઠીએ બેટાજી. અભી લે આતા હું,'' કહી, રહીમ ચાચા અંદરની ઓરડીમાં કવનના સીવાયેલા કપડાં લેવા ગયા.

કવનની આંખો સામે રહીમ ચાચા સાથેના બધા પ્રસંગો તરી આવ્યા. ક્યારેક પાર્ટીના ડ્રેસીસ તો ક્યારેક યુનીફોર્મ્સ. આખી જિંદગી સમયની પરવાહ કર્યા વિના રહીમ ચાચાએ પ્રેમથી કવનના પરિવાર માટે કપડા સીવ્યા હતા.

''રહીમ ચાચાના ગુણોને મેં ક્યારેય એપ્રીશીયેટ કર્યા નહીં. અને આજે ઘડપણના હિસાબે એમનું કામ જરાક ધીમું પડ્યું, તો છંછેડાઈ જતા મને જરા વાર ના લાગી ?'' સવારનો પ્રસંગ યાદ કરતા કવનની આંખો ભરાઈ આવી.

રહીમ ચાચાએ કપડાંની સરસ ઘડી વાળી અને એક થેલીમાં મૂકી, કવનને હાથમાં આપ્યા, ''લીજીએ, બેટાજી.''

આજે પહેલી વાર કવનને રહીમ ચાચાના ગુણોની દિલથી કદર થઈ હતી.

''શુક્રિયા રહીમ ચાચા,'' કહી, કવનનું શિશ રહીમ ચાચા સામે ઝૂકી ગયું.

# સફળતાનો શ્રેય



હેલ્લો, માય સેલ્ફ, ભટ્ટી. ભટ્ટી એન્ડ સન્સના માલિક.
કોન્ફરસ હોલના ખૂણામાં બેઠેલા એક ભાઈ પાસે જઈ, મિ. ભટ્ટીએ પોતાની ઓળખાણ આપી.
એ ભાઈને પોતાની ઓળખાણ આપવાનો મોકો તો મળ્યો જ નહીં કારણકે ભટ્ટી સાહેબ નોનસ્ટોપ પોતાની જ બડાશો મારતા રહ્યા.
ત્યાં તો, હોસ્ટે સ્ટેજ પર આવીને, ફંકશનની શરૂઆત કરી
SINES
OMES YOU
ગુડ ઈવનિંગ એવરીવન ! આપ સહુનું ખૂબ ખૂબ સ્વાગત છે.
એન્ડ ઈટ્સ એ સ્પેશિયલ ઓનર ટુ હેવ મિ. અંકિત જૈન વિથ અસ ટુ ડે. પ્લીઝ વેલકમ મિ. જૈન ઓન સ્ટેજ.
એક્સક્યુઝ મી મિ. ભટ્ટી. આઈ હેવ ટુ ગો.
આટલી મોટી વ્યક્તિ સામે આવી બડાશો મારીને મિસ્ટર ભટ્ટી ભોંઠા જ પડી ગયા.
વેલકમ સર. એવોર્ડ સેરેમની શરૂ કરીએ એ પહેલા આપ ઓડીયન્સ સાથે કંઈક શેર કરવા ઈચ્છશો ?
WELCO




ચોક્કસ. આ અવસર પર મને ચાર્લ્સ પ્લંબની વાત યાદ આવે છે. કોઈ જાણે છે ચાર્લ્સ પ્લંબને ?
ઓડીયન્સમાંથી કોઈ રિસ્પોન્સ નહોતો.
વેલ, ચાર્લ્સ પ્લંબ યુ.એસ નેવીમાં જેટ પાયલટ હતા. વિયેતનામ વોર વખતે એક મિસાઈલે એમના વિમાન પર હુમલો કર્યો.
પેરેશુટ વડે, પ્લંબ, વિમાનમાંથી બહાર નીકળ્યા અને આકસ્મિક મૃત્યુમાંથી બચી ગયા.
વર્ષો પછી, પ્લંબ એમની પત્ની સાથે રેસ્ટોરન્ટમાં બેઠા હતા ત્યારે,
આપ ચાર્લ્સ પ્લંબ છો ને ? વિયેતનામમાં તમારા જેટ ફાઈટર વિમાન પર હુમલો થયો હતો ને ?


ચાર્લ્સ પ્લંબને ખૂબ નવાઈ લાગી.
હા...પણ...તમને કેવી રીતે ખબર ?
સર, મેં જ તમારું પેરેશુટ પેક કર્યું હતું. આઈ ગેસ, ઈટ વર્ક્ડ.
ઈટ શ્યોર ડીડ ! એ પેરેશુટ ના હોત, તો આજે હું જીવિત ના હોત.
તે રાત્રે, ચાર્લ્સ પ્લંબને બિલકુલ ઊંઘ ના આવી.
કેટલીય વાર, હું આ વ્યક્તિ પાસેથી પસાર થયો હોઈશ. પણ, પોતાની જાતને 'મોટો' ફાઈટર પાઈલોટ ગણીને મેં એ સેલરની અવગણના કરી હશે.
અહંકારના ફાંકામાં હું મારી જાતને શું ય માની બેઠો છું? ક્યારેય બે ક્ષણ રોકાઈને કોઈની ખબર પૂછી ?
તે દિવસે, ચાર્લ્સ પ્લંબને અહેસાસ થયો કે જે લોકો સમક્ષ એ અહંકારનો ફાંકો લઈને ફરતા હતા, એમાંની જ એક વ્યક્તિએ એમની જાન બચાવી હતી.
ચાર્લ્સ પ્લંબની વાત વાંચીને, મને પણ અહસાસ થયો કે ઘણી બધી વ્યકિતઓની મદદથી કામમાં સફળતા પ્રાપ્ત થાય છે.


જ્યારે બધાનો રોલ સમજાયો, ત્યારે પોતાનો રોલ બહુ નાનો લાગ્યો. અને મારો અહંકાર ઓગળ્યો.
તાળીઓના ગડગડાટ સાથે, ઓડીયન્સે અંકિતભાઈ જૈનની વાત વધાવી.
અને હવે અંકિતભાઈ, મિસ્ટર ભટ્ટીને 'બીઝનેસમેન ઓફ ધ યર' ના એવોર્ડથી સન્માનિત કરશે.
પહેલી વાર, મિ. ભટ્ટીની ચાલમાં અભિમાન નહીં, પણ નરમાશ હતી.
કહે છે કે ઝાડને ફળ આવે એમ એ નમતું જાય. આજે અંકિતભાઈ ને જોઈને આ કહેવત સમજાઈ.
ઘણા બધા પેરેશુટોની મદદથી, મુશ્કેલીઓની મિસાઈલો સામે, ભટ્ટી એન્ડ સન્સ કંપની, આજે સફળતાના આ શિખરે પહોંચી છે. આ એવોર્ડનો શ્રેય મને નહીં, પણ કંપનીના દરેક કર્મચારીને જાય છે.
પોતાની જાતને નાની ગણીને સફળતાનો શ્રેય બધાને વહેંચ્યો, ત્યારે મિ. ભટ્ટીએ એક અનેરી હળવાશ અનુભવી.

# ચાલો રમીએ...

## CROSS WORD






### ACROSS

1. 1408 - 427
4. 1627 + 6068
8. 601 + 3466
9. 6046 – 2918
10. 9 +18
11. 84863 -2084
13. 24 + 21
14. 2109 + 7810
15. 58 – 4
17. 420 – 105
18. 40 + 946
19. 219 + 501
21. 499 – 15
23. 2 + 37
24. 401 + 2294
26. 28 + 53
28. 23833 – 11720
30. 62 – 5
31. 328 + 1133
32. 10074 – 261
35. 2826 + 3220
36. 142 + 442

### DOWN

1. 172 – 82
2. 115 – 29
3. 27929 – 10034
4. 4734 + 2645
5. 138 + 479
6. 90348 + 2610
7. 105 - 47
8. 779 -304
10. 1 + 23
12. 2 + 19
14. 20 + 71.
16. 9 + 37
17. 20 + 10
18. 167 – 73
19. 1 + 72
20. 25695 + 3445
21. 70644 – 21249
22. 21 + 64
24. 1300 + 816
25. 110 – 49
26. 1207 – 354
27. 1 + 16
29. 54 + 210
31. 1 + 15
33. 50 + 38
34. 5 + 9

PUJYA NIRUMA'S 50 GLORIOUS YEARS OF GNAN

# પૂજ્ય નીરુમાનાં 50 GLORIOUS YEARS OF GNAN ની ઊજવણી ડાન્સ, શોભાયાત્રા, અને નાટક જેવા ભવ્ય કાર્યક્રમ સાથે ભવ્યાતિભવ્ય રીતે થઈ...






















વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરોનાં મોટાં મોટાં નગરો, સુખ-સમૃદ્ધિ અને સૌંદર્યથી ભરપૂર હતા. આ પર્વત પરના રાજા ચક્રાયુધના પુત્રી પ્રભંજના પોતાના મનપસંદ પતિની શોધ કરવા આર્યદેશમાં ઊતરી આવી હતી. એક હજાર વિદ્યાધર કન્યાઓ એની સાથે હતી. રાજા ચક્રાયુધના મંત્રી, સેનાપતિ અને નાની એવી રક્ષક સેના સાથે હતી.

પ્રભંજના દેખાવમાં ખૂબ જ સુંદર હતી. એનો કાફલો એક વનપ્રદેશમાંથી પસાર થઈ રહ્યો હતો.

ત્યાં સામેથી શ્વેતવસ્ત્રધારી એક વિશાળ શ્રમણીવૃંદ (સાધ્વીઓનું ટોળું) આવી રહ્યું હતું. નીચી દ્રષ્ટિએ ને મધ્યમ ગતિએ વૃંદ પ્રભંજનાની નિકટ પહોંચ્યું કે તરત જ પ્રભંજના રથમાંથી નીચે ઊતરી ગઈ. પાછળ આવતો કાફલો ઊભો રહી ગયો. પ્રભંજનાની ખાસ સખીઓ પણ રથોમાંથી ઊતરી પ્રભંજનાની પાસે આવીને ઊભી રહી ગઈ.

પ્રભંજનાએ બે હાથ જોડી, મસ્તક નમાવી વંદના કરી.

સાધ્વીએ પ્રશ્ન કર્યો, 'રાજકુમારી, આટલા મોટા સમૂહ સાથે, આટલા હર્ષથી શા કામે અને ક્યાં જવા પ્રયાણ આદર્યું છે ?'

'હે પૂજ્યા, હું વિદ્યાધર રાજકુમારી પ્રભંજના છું. વૈતાઢ્ય પર્વત ઉપર મારા માટે મારા પિતાએ સ્વયંવર રચ્યો હતો. પરંતુ મને મારે યોગ્ય કોઈ વર પસંદ ન પડ્યો, એટલે આ આર્યખંડમાં યોગ્ય વરની પસંદગી કરવા નીકળી છું.' નમ્રતા અને વિનયથી પ્રભંજનાએ કહ્યું.

બે ક્ષણ મૌન રહી, પ્રભંજનાની આંખોમાં આંખો પરોવીને સુપ્રતિષ્ઠિતા સાધ્વી બોલ્યાં, 'હે પુણ્યશાલિની, જિનેશ્વરોએ ભોગસુખોને દુ:ખરૂપ કહ્યાં છે. ભોગોનું પરિણામ રોગો છે. વિષય સુખો હલાહલ વિષ સમાં છે, એ સુખોને તારા જેવી બુધ્ધિમંત રાજકુમારી અમૃત સમાં માને છે ? કુમારી, આ વૈષયિક સુખોના ભોગથી રાગ-દ્વેષ વધે છે અને તેથી ભવભ્રમણ વધે છે.'

આટલું કહીને સાધ્વી અટક્યાં. પ્રભંજનાએ કહ્યું ,

'હે ઉપકારી, આપે કહ્યું તે નર્યું સત્ય છે. હું સમજું છું કે વૈષયિક સુખો સાચાં સુખો નથી. પણ આ સુખભોગની કુટેવ છૂટે કેવી રીતે ? જે જીવો આ વૈષયિક સુખોનો ત્યાગ કરે છે તેઓ ધન્યવાદને પાત્ર છે.'

સાધ્વી પ્રભંજનાની વાત શાંતિથી સાંભળી રહ્યાં. બે ક્ષણ મૌન રહી, પ્રભંજનાએ પોતાની વાત આગળ વધારી, 'હે પૂજ્યા, અમારે પણ ભોગ સુખોનો ત્યાગ કરવો જ ઘટે. પણ એ કેવી રીતે કરીએ ?' પ્રભંજનાની આંખોમાં થોડો વિષાદ તરી આવ્યો.

એ જોઈ તેની પાસે ઊભેલી સખી બોલી, 'રાજકુમારી, તારી વાત સાચી છે, પણ અત્યારે તો આપણે જે પ્રયોજનથી નીકળ્યા છીએ, એ પ્રોયજન સાધીએ. પછી...ઉત્તરાવસ્થામાં પરમપદ પામવા ધર્મ પુરૂષાર્થ કરજે !'

'મારી સખી, એ તો કાયરતાની વાત છે. પહેલાં ધર્મ-પુરૂષાર્થ જ કરવો જોઈએ.' પ્રભંજના બોલી.

સાધ્વી સુપ્રતિષ્ઠિતા મધુર-ગંભીર સ્વરે બોલ્યાં, 'રાજકુમારી, ખરેખર આ સંસાર ક્લેશમય છે, દુ:ખરૂપ છે. આવા સંસારને હિતકારી-સુખકારી માનવો, એક પ્રકારનો મિથ્યા આવેશ છે. તારી સખીએ કહ્યું કે 'પહેલાં સંસારસુખ ભોગવી લો, પછી ધર્મપુરૂષાર્થ કરજો...' એ વાત તો એવી છે કે પહેલાં શરીરને ગંદુ કરો, પછી એને ધોઈ નાંખો. આ શિષ્ટ પુરૂષોનો આચાર નથી.

તું પતિની શોધ કરીશ. એની સાથે લગ્ન કરીશ....પણ આ સંબંધ શું શાશ્વત રહેશે ? સંબંધો કાચા ધાગાના તાંતણા જેવા છે...ગમે ત્યારે તૂટી જાય. માટે આવા ક્ષણિક સંબંધો શા કામના ? જે મોહાધીનતાને ત્યજી શકે તે જ સંયમનો માર્ગ લઈ શકે. મનુષ્યજીવનને સફળ કરી શકે.

પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર વનખંડમાં એક તરફ એક હજાર વિદ્યાધર કન્યાઓનો કાફલો મૌન ઊભો છે. બીજી બાજુ સેંકડો શ્રમણીઓ ભૂમિ પર દંડ ટેકવીને, ભૂમિ પર દ્રષ્ટિ




સ્થિર કરીને, મનોમન પરમાત્મસ્મરણ કરતી ઊભી છે.

વચ્ચે ઊભાં છે સાધ્વી સુપ્રતિષ્ઠિતા અને રાજકુમારી પ્રભંજના.

સાધ્વીનાં જ્ઞાનભૂત વચનોએ પ્રભંજનાના હૃદયને ઢંઢોળ્યું. એ સ્થિર ઊભી હતી. સાધ્વીનાં તત્વસભર વચનોએ એને આત્મનિરીક્ષણ કરવા પ્રેરિત કરી. સાધ્વી મૌન રહ્યાં. પ્રભંજના પણ મૌનના મહાસાગરમાં તરવા લાગી. શરીર અને વાણી સ્થિર બન્યા. એનું આત્મચિંતન શરુ થયું.

'આ સાધ્વીજીએ સાચું કહ્યું. અનાદિથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવે સર્વે જીવો સાથે, સર્વ પ્રકારના સંબંધો કરેલા છે. માતાના, પિતાના, ભાઈના, બહેનના, પત્નીના, પુત્રીના...બધા જ સંબંધો કરેલા છે. શત્રુ મરીને મિત્ર થાય છે, મિત્ર મરીને શત્રુ પણ બને છે...આ બધો સંસારનો સ્વભાવ છે.'

ખરેખર આત્મા જ પ્રાપ્ત કરવા જેવો છે. આત્માનો અનુભવ એ જ માનવજીવનની સાર્થકતા છે. અને આમ તો મારો આત્મા સિદ્ધ સમાન જ છે ! હું આ શરીરથી જુદો જ છું. તો એ અનુભવમાં વાર શી ?

વીચારતા વીચારતા પ્રભંજનાએ ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાનમાં પ્રવેશ કર્યો. અને એને કેવળજ્ઞાન પ્રગટ થયું.

સ્વર્ગમાંથી દેવો ઊતરી આવ્યા. પ્રભંજનાને સાધ્વી-વેશ આપ્યો. સ્વર્ણકમળની રચના કરી. ભૂમિ સુગંધી જળથી સુવાસિત કરી. પુષ્પોની વૃષ્ટિ કરી. સાધ્વી પ્રભંજના સ્વર્ણકમળ પર બિરાજ્યા.

સાધ્વી સુપ્રતિષ્ઠિતાએ અને સર્વે સાધ્વીઓએ કેવળજ્ઞાનીને વંદના કરી. ગદ્ગદ સ્વરે સ્તવના કરી.

પ્રભંજનાની સાથે આવેલી એક હજાર વિદ્યાધર કન્યાઓએ દીક્ષા લીધી. કેવળજ્ઞાની મહાસાધ્વી પ્રભંજનાએ વર્ષો સુધી આ પૃથ્વી પર વિચરી વિશ્વ પર ઉપકાર કર્યો. આયુષ્ય કર્મ પૂર્ણ થતાં અઘાતી કર્મો નાશ પામ્યાં. અને સાધ્વી પ્રભંજના મોક્ષે ગયા.

# મીઠી યાદેં

મુંબઈ સત્સંગ હતો. સત્સંગ પૂરો થયા પછી બધા બ્રહ્મચારી ભાઈઓ નવીન આશા (નીરુમાનું ઘર)ગયા. એક ભાઈ હોલમાં હતો. એ હજુ કામ પૂરુ કરતો હતો.

નવીનઆશા જઈને બધા ભાઈઓએ ઝપાટાબંધ જમી લીધું. બહુ ભૂખ લાગી હોવાથી જમવાનું બધું પૂરું કરી નાખ્યું. નીરુમા સાથે વાતો કરતા જાય અને જમતા જાય. કોઈને ખ્યાલ ન રહ્યો કે હજુ એક ભાઈ જમવા આવવાવો બાકી છે.

પાછળથી પેલો ભાઈ આવ્યો. નીરુમાએ એને પૂછ્યું, "જમવાનું બાકી છે ?"

એણે 'હા' કહી, "બધું કામ પૂરુ કરીને આવ્યો."

જમવાનું કંઈ હતું નહીં.

આ જોઈ નીરુમાએ પેલા ભાઈઓને ખખડાવ્યા કે, "આ જમવાનો બાકી છે તો ય તમે બધાએ બધું જમી લીધું ? એની માટે કંઈ ન રાખ્યું ?"

આમ એક પછી એક બધા ભાઈઓને ખખડાવ્યા.

એક જણ કહે, "નીરુમા, મને તો ખબર જ નહોતી કે એ અહીં આવવાનો છે."

બીજાએ કહ્યું, "નીરમા, મને તો એ આવ્યો છે એ જ નથી ખબર."

આમ બધાએ પોતાની જાતનું રક્ષણ કરવા માંડ્યું.

પછી એક ભાઈનો વારો આવ્યો. નીરુમા એને વઢ્યા ત્યારે એ એક પણ શબ્દ બોલ્યો નહીં. એણે કહ્યું, "હા નીરૂમા, ભૂલ થઈ ગઈ."

આ સાંભળીને નીરૂમાએ બીજા ભાઈઓને વધુ ખખડાવ્યા, "આ તમને બધાને ખબર પડે છે કે તમે તમારી જાતના કેટલા પ્રોટેક્શન કર્યા ? અને આણે જો. એણે તરત પોતાની ભૂલ સ્વીકારી લીધી."

નીરૂમાએ પેલા ભઈના જબરજસ્ત વખાણ કરતા કહ્યું, "આ છોકરાને જૂઓ. એને પણ ખરેખર ખબર નહોતી કે પેલો ભાઈ અહીં આવવાનો છે. છતાં નીરૂમાએ કીધું અને એને સાંભળી લીધું. જરાય રક્ષણ કર્યું નહીં. એ બહુ મોટી વસ્તુ છે."

ત્યારે બીજા ભાઈઓને થયું કે, નીરુમા કેવું આપણું બધું પારખી જાય છે. અને આપણે પડીએ નહીં એટલે હકથી ખખડાવે છે !

નીરુમાનું ખખડાવવાનું ભાઈઓને બહુ સ્પર્શી ગયું. અને તે દિવસથી બધાએ નક્કી કર્યું કે તેઓ ક્યારે ય પોતાની જાતનું રક્ષણ નહીં કરે.

**ધન્ય જ્ઞાનીની રીતો !**
**ધન્ય જ્ઞાની....ધન્ય જ્ઞાની...**



# જીવંત ઉદાહરણ



દક્ષીણ ભારતના સંત તિરુવલ્લુવર પ્રખર વિદ્વાન હતા. તેમણે રચેલા 'તિરુકુરુલ' નામનો ગ્રંથ 'તામિલવેદ' તરીકે ઓળખાય છે. આ ગ્રંથનું અનુવાદ જર્મન, લેટિન, અંગ્રેજી સહિત અનેક ભાષાઓમાં થયું છે.

સંત તિરુવલ્લુવરનો જન્મ ચેન્નઈમાં આવેલા મલ્યાપુર ગામના એક વણકરને ત્યાં થયો હતો. જન્મે વણકર હોવાથી, ગુજરાન ચલાવવા તેઓ કાપડ વણવાનો ધંધો કરતા. એમની પત્ની, વાસુકિ સૂતર કાંતતી અને તિરુવલ્લુવર તે રંગીને કાપડ વણતા. આમ, તેઓ ઘરસંસાર ચલાવતા. એક વખત તેઓએ ખૂબ સુંદર ચાદર બનાવી અને વેચવા હાટમાં ગયા.

એક શ્રીમંત શેઠના તોફાની દીકરાને, સંતની ટીખળ કરી એમની ધીરજની પરીક્ષા કરવાનું મન થયું. તેણે સંતને ચાદરની કિંમત પૂછી.

"બે રૂપિયા." સંતે કહ્યું.

છોકરાંએ ચાદર હાથમાં લીધી અને ફાડીને બે ટુકડાં કરી નાખ્યા.

"આમાંનો એક જ ટુકડો લેવો હોય, તો શું કિંમત છે ?" છોકરાંએ અક્કડાઈથી પૂછ્યું.

સહેજ પણ છંછેડાયા વગર, સંતે શાંતિથી જવાબ આપ્યો, "એક ટુકડાનો ભાવ એક રૂપિયો છે."

છોકરાંએ ચાદર વધું ફાડી અને કિંમત પૂછી. સંતે અકળાયા વગર કિંમત કહી. આમ, એ છોકરો ચાદર ફાડતો ગયો અને સંત કિંમત ઘટાડતા ગયા. અંતે, એ છોકરાંએ ચાદરના સાવ ચીંથરા કરી નાખ્યા અને પછી કિંમત પૂછી.

સંતે કહ્યું, "હવે આ ચાદરની કોઈ જ કિંમત રહી નથી."

છોકરાંએ સંતની હાંસી ઉડાવી અને એમને બે રૂપિયા ધર્યા.

સંતે અત્યંત નમ્રતાપૂર્વક પૈસા લેવાની 'ના' પાડી અને કહ્યું, "જે વસ્તુ તને કશા જ કામમાં નથી આવવાની, તેના પૈસા લઈને હું શું કરું ? મારા ભાઈ, આ કાપડ કઈ રીતે તૈયાર થયું છે, તે તું જાણે છે ? રાત-દિવસ ખેડૂતે મહેનત કરીને કપાસ ઉગાડ્યો હશે. એમાંથી રૂ તૈયાર થયું હશે. ત્યારબાદ, એને કાંત્યું, રંગ્યું અને વણ્યું. કેટલાય દિવસોની મહેનત બાદ, આ ચાદર તૈયાર થઈ હતી. ભાઈ, આ શ્રમની સફળતા તો એ કોઈના પહેરવાના કામમાં લાગે, તો જ ગણાય ને ?"

આટલું બધું છંછેડ્યા બાદ પણ સંતની ગજબની નમ્રતા જોઈ, એ છોકરાંની અક્કડાઈ ઓગળી ગઈ.

સંતની નમ્રતા સામે, એની આડાઈ ઝૂકી ગઈ. ત્યારબાદ, એ સંત તિરુવલ્લુવરનો સાચા અર્થમાં શિષ્ય બની ગયો.

મિત્રો, જે નમ્ર હોય તે સામાની અક્કડાઈ જોઈને કદી છંછેડાય નહીં. તો ચાલો, આપણે પણ નક્કી કરીએ, કે જ્યારે આપણી સાથે કોઈ આડાઈ કરે, ત્યારે આપણે એનો દોષ જોવાના બદલે, એવો દોષ આપણામાં ક્યાં રહેલો છે, એ ચેક કરીશું અને નમ્ર રહીશું.

Akram Express

**August 2018**
**Year : 10, Issue : 12**
**Conti. Issue No.: 120**

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...



એક્વાર વંટોળ આવ્યો ત્યારે આંબો બચી ગયો અને તાડનું ઝાડ મૂળ સાથે જમીનમાંથી ઉખડી ગયું. જરા અમથું ઠુંઠું રહી ગયું.

વંટોળિયો ચાલ્યો ગયો ત્યારે તાડના ઠુંઠાએ આંબાને પૂછ્યું, "વંટોળિયાની વિનાશી તાકાત સામે તું શી રીતે ઊગરી ગયો ?"

આંબાએ કહ્યું, "વંટોળિયો આવે કે ન આવે, હું તો હંમેશાં નમેલો રહુ છું. હું નમેલો હતો એટલે મારા માથા પરથી વંટોળિયો ચાલ્યો ગયો. તું વંટોળિયાની સામે અક્કડ ઊભો રહ્યો માટે તું ફેંકાઈ ગયો."

નમે તો સૌને ગમે.

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.